ગાંધીનગર સમાચાર

# મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા. ૨

સત્ય, અહિંસા, પ્રેમ અને કરુણાને વરેલા તથા અંત્યજોના ઉદ્ધારક, અસ્પૃશ્યતા નિવારક, નશાબંધી, સ્વાવલંબન અને સ્વદેશીનો વંટોળ ઉભો કરનાર મહાપુરુષ અને ગ્રામોદ્ધારક પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા વિધાનસભા પટાંગણમાં આવેલી પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને અને વિધાનસભા ગૃહ ખાતે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપીને શ્રદ્ધાસુમન અર્પણ કરાયા હતા.






આ પ્રસંગે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ કહ્યું હતું કે ગાંધીજીના જીવન સંદેશને આપણે સૌએ આત્મસાત કરવો જોઈએ. પૂજ્ય મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના મંત્રને સાકાર કરી સમગ્ર રાષ્ટ્ર આજે ખરા અર્થમાં તેમની જન્મજયંતિની ઉજવણી કરી રહ્યું છે.

આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ ધારાસભ્યશ્રીઓ, વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ.પટેલ, ઉચ્ચ અધિકારી/ કર્મચારીઓએ ઉપસ્થિત રહીને પૂજ્ય મહાત્મા ગાંધીજીના તૈલચિત્રને પુષ્પાંજલી અર્પણ કરી તેમના જીવનના આઝાદી સમયના પ્રેરણાદાયી સંસ્મરણો યાદ કર્યા હતા.

# ગાંધી જયંતિએ મુખ્યમંત્રીએ રાજકોટ ગાંધી મ્યુઝિયમ પરના વિશેષ પોસ્ટલ કવર સ્ટેપનું ઈ-અનાવરણ કર્યું

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીજયંતી અવસરે ભારતીય ટપાલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા રાજકોટ ગાંધી મ્યુઝિયમના વિશેષ કવર અને પોસ્ટલ સ્ટેમ્પનું અનાવરણ કરતાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, વિશ્વ સમક્ષ ગાંધી શાશ્વત મૂલ્યો સાથે રાજકોટ અને ગાંધીજીના સંબંધોને આ કવર વધુ ઉજાગર કરશે

વિજયભાઈ રૂપાણીએ આ સંદર્ભમાં કહ્યું કે મહાત્મા ગાંધીએ રાજકોટમાં જે સ્થળે અભ્યાસ કર્યો હતો તે આલ્ફ્રેડ હાઈસ્કૂલની જર્જરીત હાલતમાંથી હવે આપણે ગાંધી મ્યુઝિયમ તરીકે તેને વિશ્વકક્ષાના સ્મૃતિ મંદિર તરીકે પ્રસ્થાપિત કર્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, મહાત્મા ગાંધી સ્વચ્છતા, ગ્રામોત્થાન, મહિલા સશક્તિકરણ, અસ્પૃશ્યતા નિવારણ જેવા સિદ્ધાંતોથી આત્મનિર્ભરતાના હિમાયતી રહેલા હતા.




આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી એજ ગાંધી વિચારોને અનુસરતા જનધન, કન્યા કેળવણી, નલ સે જલ જેવા અનેક પ્રભાવી કાર્યક્રમો અને યોજનાઓથી આત્મનિર્ભર ભારત બનાવવા કૃત સંકલ્પ છે એમ પણ વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.મુખ્યમંત્રીએ રાજકોટ મહાપાલિકા અને રાજકોટના નાગરિકોને અનુરોધ કર્યો કે, નવા રૂપ રંગથી આકાર પામેલું ગાંધી મ્યુઝિયમ નવી પેઢીમાં ગાંધી વિચાર-આચાર પ્રસરાવતું રહે, લોકો તે મ્યુઝીયમ જોવા આવે અને તેની જાળવણી સુપેરે થાય તેવી ચિરંજીવ સ્મૃતિ રૂપ આ સ્થાન બને તેની કાળજી લેવાય.

મુખ્યમંત્રીએ આ સ્પેશિયલ પોસ્ટલ કવર અને સ્ટેમ્પ રિલીઝ માટે ઈન્ડિયન પોસ્ટ ડિપાર્ટમેન્ટને અભિનંદન પાઠવ્યા હતા. રાજકોટના મેયર શ્રીમતી બીના બહેન સહિત પદાધિકારીઓ આ અવસરે રાજકોટ ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



**અંબુસિંહ ગોલ**
ડિરેક્ટર
આકાશ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિ.
ટ્રસ્ટી
શ્રી કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટ
મો. ૯૮૨૫૫ ૨૩૫૩૫



**હેતલ પી પટેલ**
મો. ૯૮૨૫૨ ૯૦૩૨૨



**રાજદીપસિંહ વાઘેલા**
મો. ૭૩૮૩૭ ૪૯૭૫૬



**જયેન્દ્રસિંહ ગોહિલ**
મો. ૯૯૭૪૨ ૨૨૭૫૩



**ડિમ્પલ ગેલવાની**
મો. ૯૧૫૭૪ ૨૭૭૬૭



**યશ પટેલ**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે 'આજના સંદર્ભમાં ગાંધી વિચારો કેટલાં ઉપયોગી?' વિષય પર વેબીનાર

ગાંધીનગર, તા. ૨

મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતિની દ્વિ વાર્ષિક ઉજવણી નિમિત્તે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે 'આજના સંદર્ભમાં ગાંધી વિચારો કેટલાં ઉપયોગી?' એ વિષય પર વેબિનારના માધ્યમથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રાજ્ય ગ્રંથપાલ નરેશ પંડ્યા તથા ઈન્ચાર્જ નિયામક પંકજ ગોસ્વામીએ પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં સમગ્ર રાજયના ગ્રંથાલય ખાતાના કર્મચારી/અધિકારીઓ તથા ગ્રંથાલયોના વાચકો ઉત્સાહભેર જોડાયાં હતાં.



મૈત્રી હેલ્થ એન્ડ રિહેબ ક્લિનિક નું શુભારંભ ગુજરાત રાજ્ય કક્ષાના મંત્રી વાસણભાઈ આહિર દ્વારા નવા ગાંધીનગર તરીકે ઓળખાતા સરગાસન ચોકડી સ્વાગત ફ્લેમિંગો માં કરવામાં આવ્યું હતું. આ સંચાલિત ક્લિનિક ઉદ્દેશ્ય રાહત દરે ફિઝિયોથેરાપી આયુર્વેદિક હોમિયોપેથી નેચરો થેરાપી ની સારવાર જાહેર જનતા માટે આપવાનું છે આધુનિક સાધનો સજ્જ આ ક્લિનિકમાં ફિઝિયોથેરાપી તરીકે ગાંધીનગરના જાણીતા ડોક્ટર હાર્દિક તલાટી, આયુર્વેદિકમાં ડોક્ટર નીતિન અંજાન, હોમિયોપેથીક ડોક્ટર બેલા બેન પટેલ, નેચરોથેરાપી ડોક્ટર માનસીબેન ત્રિવેદી પોતાની સેવાઓ આપશે. આ સંસ્થામાં ફિઝિયોથેરાપિસ્ટ તરીકે ડોક્ટર પરેશ તથા ડોક્ટર મેઘના હંમેશા સજ્જ રહેશે. આ સેવાકીય સંસ્થા નો નજીવી દરે ગરીબો તથા જરૂરિયાત મંદ લોકો ને પોતાની સેવાઓ આપશે.

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા સેકન્ડ ઈ-એલ્યુમની મીટ યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે નું સ્નેહમિલન નો ઓનલાઇન કાર્યક્રમ તાજેતરમાં ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા યોજાયો હતો જેમાં ૧૫૦થી વધુ ભૂતપૂર્વક વિદ્યાર્થીઓ વિશ્વભરમાંથી જોડાયા હતા.

આ સંવાદ ડિજિટલ માધ્યમ દ્વારા સીધો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોડે યોજાયો હતો જેમાં યુનિવર્સિટી તરફ થી, ફેકલટી મેમ્બર્સ, પ્રિન્સિપાલ, ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ હેડ તથા પ્રોવોસ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં યુનિવર્સિટીના માનનીય પ્રોવોસ્ટ ડો.કાર્તિક જૈન દ્વારા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીનો એક અભિન્ન ભાગ છે અને તે આપણા માટે ગર્વની વાત છે કે અમારા વિદ્યાર્થીઓ આજે દેશ-વિદેશમાં તેમની કારકિર્દીમાં સફળતાપૂર્વક આગળ વધી રહ્યા છે.

તેઓએ યુનિવર્સિટીની તાજેતરની પ્રવૃત્તિઓ જેવી કે ઈ-વેબિનાર્સ, સ્ટાર્ટઅપ સેલ દ્વારા યોજાથી વિવિધ ઉદ્યોગ સાહસિકતા ની પ્રવૃતિઓ, ઈન્ડસ્ટ્રી ના નિષ્ણાતો સાથે ના સેશન, ૫૦ થી વધુ ઈન્ડસ્ટ્રી જોડે



ના એમઓયુ, યુનિવર્સિટી દ્વારા આયોજિત નવા કોર્સીસ વિગેરે અંગે માહિતી આપી હતી.

આ પ્રસંગે ડો. કાર્તિક જૈને, તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના હજુ વધુ ઉચ્ચતર ડેવલપમેન્ટ માટે સાથે મળીને કાર્ય કરવા પહેલ કરવાની અપીલ કરી હતી.તેઓએ ખાસ આગ્રહપૂર્વક જણાવ્યું હતું કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ ચાલુ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થો ને જરૂરી માર્ગદર્શન આપીને, સ્કિલ્સ ડેવલપમેન્ટ તથા વિવિધ ઈન્ડસ્ટ્રી ના પ્રોજેક્ટ સંબંધી આઈડિયા જનરેશનથી લઈ ને સ્કેલેબલ બિઝનેસ સુધી સપોર્ટ કરીને એક નવી દિશા માં કાર્ય કરવાની જરૂર છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ જે ગતિથી યુનિવર્સિટી પ્રગતિ કરી રહી છે તેનો ગૌરવ વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓ એ પોતાના કોલેજ કાળ દરમ્યાનના જુના સંસ્મરણોને યાદ કાર્ય હતા અને આજે તેઓ કારકિર્દી માં સફળ છે તેની પાછળ નો મુખ્ય શ્રેય તેઓ એ યુનિવર્સિટી ના અથાગ પ્રયત્નો ને સમર્પિત કર્યો હતો. પ્રો.અજિત પુજારા, સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ના પ્રિન્સિપાલ એ માહિતી આપી હતી કે અમારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમના વિવિધ ક્ષેત્રે સારું પ્રદર્શન કરી રહ્યા છે. આ મીટિંગ મજબૂત દ્વિપક્ષીય પૂર્વ વિદ્યાર્થી સંગઠનનું પ્લેટફોર્મછે, જેમાં તેઓ દરેક ક્ષેત્રમાં યુનિવર્સિટીના પ્લેટફોર્મ નો લાભ લઈ શકે છે. તમામ ફેકલ્ટી સભ્યો તરફથી પણ ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. ડો.ગૌરવ કુમાર અમેટા - ડિપાર્ટમેન્ટ હેડ કમ્પ્યુટર એન્જિનિયરિંગે આભારવિધિ વ્યક્ત કરી હતી. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા સફળતાપૂર્વક ઈ-એલ્યુમની મીટ નો આયોજન યોજાયું હતું.

# રાષ્ટ્રીય પોષણ માસની ઊજવણી અંતર્ગત ઓનલાઈન નેશનલ વેબીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨

શ્રી પી. કે મહિલા આર્ટ્સ કૉલેજના હોમસાયન્સ વિભાગ,સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે પોષણ માસની ઊજવણી અંતર્ગત તા. ૨૯મી સપ્ટેમ્બરે ઓનલાઈન નેશનલ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેનો વિષય 'Eat Right to be Fit' હતો. આ વેબીનારમાં પી કે મહિલા આર્ટસ કૉલેજ ગાંધીનગરના પ્રિન્સિપાલ ડૉ. એમ. એમ. ચૌધરી, ચિલ્ડ્રન્સ યુનિ. કુલપતિ હર્ષદ પ્ર. શાહ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિ.ના કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણા તથા વિષય નિષ્ણાંત તરીકે સુરતના ચિલ્ડ્રન્સ હોસ્પિટલના ડાયરેકટર એન્ડ સીઈઓ ડૉ. પ્રશાંત કારિયા અને ન્યુટ્રીશીયન એન્ડ ડાયટેટીક્સના નિષ્ણાંત ડૉ. રીમા રાવ જોડાયા હતા. દરેક મહાનુભાવએ સ્વસ્થ જીવન માટે જરૂરી આહાર ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ વેબીનારમાં ૧૧૦૦ થી વધુ લોકો સહભાગી બન્યા હતા. કૉલેજમાં પોષણ માસની ઊજવણી નિમિત્તે પોસ્ટર મેકીંગ સ્પર્ધાનું સોની નિધિ, મેઘવાલ જયોત્સના, ભૂરિયા અર્ચના તથા ભોગાયતા નિધિ વિજેતા બન્યા હતા. સર્વેને કૉલેજ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ન્યુઝીલેન્ડમાં એમ.બી.એ કરવાની ઈચ્છા છે? જરૂરી માહિતી આપશો



**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમંચ
**હાર્દિક કે પરીખ**

નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. મારે મારૂ એમ.બી.એ ન્યુઝીલેન્ડથી કરવાની ઈચ્છા છે. તો એ વિષે માહિતી આપશો તથા સ્ટુડન્ટ વિઝા માટેની સંપૂર્ણ માહિતી આપશો.**

**- ભરત પટેલ**

સામાન્યતઃ જે લોકો ન્યુઝીલેન્ડમાં મેનેજમેન્ટમાં અથવા સ્વતંત્ર ઉદ્યોગ / વ્યાવસાયમાં પોતાની કારકિર્દી આગળ ધપાવવા માંગતા હોય છે તેઓ માસ્ટર્સ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (એમ.બી.એ)ની ડિગ્રી મેળવવા પ્રયત્ન કરતા હોય છે. મોટાભાગના લોકોને જેમને વિશાળ અનુભવ અને થોડોક મેનેજમેન્ટમાંના વિષયમાં અનુભવ હોય તેઓ આ પસંદ કરતા હોય છે, જોકે તેમની સંસ્થાઓ જુદી – જુદી હોય શકે છે. ન્યુઝીલેન્ડમાં માસ્ટર્સ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (એમ.બી.એ)નો અભ્યાસ કરવાથી સિનિયર કક્ષાના મેનેજમેન્ટ અને ઉધોગ / વ્યાવસાયમાંનાં હોદાઓ સંલગ્ન કામગીરી બાબતે ચાવી રૂપ જાણકારી અને જ્ઞાન પ્રાપ્ત થાય છે. આમાં એડવાન્સ સ્તરે વિવિધ પ્રકારો આવરી લેવામાં આવતા હોય છે જેમકે અર્થશાસ્ત્ર, મેનેજમેન્ટ, ફાઈનાન્સ (નાણાકિય), સ્ટ્રેટેજી (પ્રયુકતિઓ), એથિકસ



(નિતિમતા), નિર્ણય વિજ્ઞાન (ડિસિશન સાયંસ), હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, અને માર્કેટીંગ. મોટાભાગના અભ્યાસક્રમોમાં થિયરિટિકલ (વાદ) નિયમો / સિધ્ધાંતો વાસ્તવિક વિશ્વમાં કઈ રીતે લાગૂ પડે છે તે નાના – મોટા ઉધોગગ્રુહો, સરકારી સંસ્થાનો વગેરેમાં ઈન્ટર્નશિપ, કેસ સ્ટડી દ્વારા કરાવી સમજાવવામાં આવે છે. ન્યુઝીલેન્ડમાં મેળવેલ એમ.બી.એની ડિગ્રી એ તેની ગુણવતા માટે અંતરરાષ્ટ્રીય સ્તરે માનયતા ધરાવે છે. જો વિઝાની વાત કરીએ તો અભ્યાસ માટેનું પુર્ણ વિગતો ભરેલ અરજીપત્રક, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ, નોન-રિફંડેબલ ફીનું ચુકવણું. "સ્થળની શૈક્ષણિક સંસ્થા તરફથી એડમિશન માટેની અરજી સ્વિકારવામાં આવ્યા અંગેનો પત્ર" "ઓફર ઓફ પ્લેસ", અભ્યાસક્રમનું નામ, અભ્યાસક્રમ પુર્ણ કરવા માટે જરૂરી ન્યુનતમ સમયમર્યાદા, અને કોર્સ ફીનું ચુકવણું. ન્યુઝીલેન્ડની જે સંસ્થા તમારૂ એડમિશન નિશ્ચિત કરશે તેઓ" ઓફર ઓફ પ્લેસ" પત્ર તમને અથવા તમારા એજેન્ટને આપશે. ટ્યુશન ફી ભરપાઈ કર્યાની પુરાવો / સાબિતી. તમારા રહેવા માટે ની યોગ્ય વ્યવસ્થા નિશ્ચિત કરવામાં આવેલ છે તે અંગેની ન્યુઝીલેન્ડની શૈક્ષણિક સંસ્થા અથવા વ્યકતિની લેખિત બાહેંધરી. અભ્યાસ દરમ્યાન આર્થિક સક્ષમતાની સાબિતી, દેશ પરત ફરવાની રિટર્ન ટિકિટ અથવા તો તે ખરીદી શકાય તે માટેની આર્થિક સક્ષમતાની સાબિતી. જો તમારી અરજી મંજુર કરવામાં આવે છે તો તમારા પાસપોર્ટની મુદત ન્યુઝીલેન્ડથી પરત ફરવાની તારિખથી ૩ મહિના વધુ સુધીની માન્યતા ધરાવતો હોવો જોઈએ. ન્યુઝીલેંડની સંસ્થાઓ પાસે ચાવિરૂપ શૈક્ષણિક સલાહકારો અને નિષ્ણાંતો હોય છે જે વિધાર્થીને અભ્યાસ માટેની અરજી તેમજ વિઝા અરજીમાં સહાયભુત થાય છે. કાયદાની જોગવાઈ મુજબ દરેક અંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીએ ન્યુઝીલેન્ડમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવતી વખતે ટ્રાવેલ તેમજ મેડિકલ વિમો લેવો ફરજીયાત છે. તેના નિતીનિયમોએ (વિમા પોલીસી) ચુસ્ત માર્ગદર્શિકાને અનુસરતા હોવા જોઈએ અને અભ્યાસ કરવામાં આવનાર સંસ્થા દ્વારા માન્ય હોવી જોઈએ. સંસ્થામાં પ્રવેશ નોંધાવતી વખતે તેમજ તમારા ઓફર પેકમાં પણ પોલીસી સબંધી સલાહ અને વિમા પોલીસી સબંધી માહિતી આપવામાં આવતી હોય છે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું. મને કંપની સેક્રેટરી (સી.એસ) વિષે જાણકારી આપશો.**

**- પારસ શાહ , ગાંધીનગર**

કંપની સેક્રેટરી એ કંપનીનાં સંચાલન પ્રવુતિમાં કાયદાકિય બાબતો જોવે છે. તેઓ કંપની સબંધી નોંધ રાખે છે, વિવિધ જટિલ ટેકસ રિટર્ન સંભાળે છે,



અને બોર્ડ ઓફ ડિરેકટર્સને જરૂરી સલાહ સૂચન કરે છે. કંપની સેક્રેટરી એ કંપનીનાં પ્રમુખ અધિકારીઓમાંનાં એક હોય છે.સી.એસ એ પોતાની સેક્રેટરી તરીકેની ફરજો ઉપરાંત કંપનીનાં નાણાંકિય, હિસાબી, વહિવટી, કાયદાકિય અને કર્મચારી સબંધી કાર્યો માટે પણ જવાબદાર હોય છે. સી.એસ નું કાર્ય જયારથી કંપની શરૂ કરવાનો વિચાર શરૂ થાય ત્યારથી જ શરૂ થઈ જાય છે. તેમછતાં એક કંપની સેક્રેટરી તરીકેનું કાર્ય જૂદી-જૂદી કંપનીઓમાં ભિન્ન હોઈ શકે છે. મોટી અને મધ્યમ કંપનીઓમાં તેઓની જવાબદારીમાં કંપનીનું સંસ્થાપન, પબ્લિક ઈસ્યુ બહાર પાડવા, તેનું શેર્સ અને ડિબેન્ચર્સનું લિસ્ટીંગ, મેનેજરોની નિમણુંક સબંધી અરજીઓ પરત્વેની કાર્યવાહી, વળતર, ઓધોગિક રોકાણ, લોન, બોર્ડ અને સામાન્ય સભાનું આયોજન કરવું, હેવાલની જાણવણી કરવી, ટેકસ રિટર્નસ ફાઈલ કરવાં, નવા પ્રોજેકટ માટે નાણાંકિય જોગવાઈઓ કરવી, કંપનીનાં આંતરિક કાયદાકિય સલાહકાર અને પ્રતિનીધી તરીકે પણ કાર્ય કરવું વગેરેનો સમાવેશ થાય છે. જરૂરી કૌશલ્યની વાત કરીએ તો સંયોજિત અથવા વ્યવસ્થિત હોવું,જટિલ અને ટેકનિકલ ,બાબતોને સમજી શકવાની ક્ષમતાં હોવી, કુનેહબાજ હોવું, આંકડાઓ સાથે કામ કરવાનું સહજ હોવું, એકસાથે અનેક કાર્ય કરવાની ક્ષમતાં હોવી, અંગ્રેજીમાં લેખન અને વકુત્વની ફાવટ હોવી, કંપની પ્રત્યે વફાદારી હોવી વગેરે હોવું જરૂરી છે. આ માટેની પરિક્ષાની વાત કરીએ તો વિધાર્થી ધોરણ બાર પાસ કર્યા પછી ફાઉન્ડેશન કોર્સ કરવા માટે પાત્ર થાય છે. આ પરિક્ષા વર્ષમાં બે વાર, જૂન અને ડિસેમ્બરમાં લેવામાં આવે છે. ભારતની કોઈ પણ માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની પરિક્ષા પાસ કરેલ હોય અથવાતો સમકક્ષ પરિક્ષા પાસ કરેલ હોય અથવા ફાઉન્ડેશન કોર્સ કરેલ હોય તેઓ એડમિશન મેળવી શકે છે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું ધોરણ ૧૨ માં અભ્યાસ કરું છું.એરક્રાફ્ટ એન્જીનિયરીગ કોર્સ કરવા માંગુ છું. એ માટે લેવામાં આવતી એ.એમ.ઇ સી.ઈ.ટી પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- જાવેદ શેખ, અમદાવાદ**

એએમઈ સીઈટી ૨૦૨૦એ રાષ્ટ્રીય કક્ષાની સામાન્ય પ્રવેશ પરીક્ષા છે જે ભારતમાં માન્ય સંસ્થાઓમાં વિમાન એન્જીનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપે છે. એએમઈ સીઈટી ૨૦૨૦ માં ફક્ત એક જ કાગળ છે. એરક્રાફ્ટ એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા ઉદ્દેશ પદ્ધતિની છે અને તે હિન્દી અને અંગ્રેજી માધ્યમ બંનેમાં છે.એએમઈ સીઈટી ૨૦૨૦ ના આધારે ઓલ ઈન્ડિયા રેન્કના વિદ્યાર્થીઓ કાઉન્સિલિંગમાં ભાગ લે છે અને ભારતમાં માન્ય સંસ્થાઓમાં તેમના પ્રવેશની પરવાનગી આપે છે.આ પરીક્ષા ની લાયકાત ની વાત કરીએ તો આ પરીક્ષા માટે વિદ્યાર્થીએ ધોરણ ૧૨ ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને ગણિત સાથે પાસ કરેલ હોવું જરૂરી છે.આ માટે વિદ્યાર્થીની ઉંમર ૧૬ અને ૨૮ વચ્ચે હોવી જરૂરી છે. વિદ્યાર્થી માત્ર ત્રણ વાર જ આ પરીક્ષા માટે પ્રયાસ કરી શકે છે.આ પરીક્ષા માં આપ ને



૯૦ એમ.સી.ક્યૂ પ્રશ્નો પુછવામાં આવે છે.જેના માટેના વિષયો મુખ્યત્વે ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને ગણિત, અંગ્રેજી તથા જનરલ નોલેજ રહેલા છે.આ પરીક્ષા હિન્દી તથા અંગ્રેજી મનને માધ્યમ માં લેવામાં આવે છે.જેમાં એક પ્રશ્ન ના ચાર માર્કસ અને ખોટા પ્રશ્ન ના માઈનસ એક માર્ક કર્યા બાદ આપનું ફાઈનલ મેરીટ તૈયાર થાય છે.અને એક જરૂરી બાબત એ પણ જણાવી દઈએ કે આ પરીક્ષા માં મેળવેળ રેન્ક મુજબ આપને ૨૦હજાર થી લઈ ને ૪ લાખ સુધીની સ્કોલરશીપ પણ આપવામાં આવે છે.આમ આપ બરાબર મહેનત કરી ને આપ આ પરીક્ષા ની તૈયારી કરીને આપ આપની કારકિર્દી ઉજ્જવળ કરી શકો છો.. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ:questions.careercorner@ mail.com
વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

# મગરોડા ગામનું પ્રેરણાદાયી પુસ્તકાલય

ગાંધીનગર, તા. ૨

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં આવેલ મગરોડા ગામની વસ્તી માત્ર ૩૧૦૫ની છે. પરંતુ તેમાં ૨૦૦ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો, ૧૭ ડૉકટરો, ૨૭ પોલીસકર્મીઓ, ૧૮ લશ્કરી જવાનો, ૫૦ કલાર્કસ, ૩ પ્રોફેસરો, ૨ પીએચડી, ૫ સચિવાલયના કર્મીઓ તથા ૧૨૦ નિવૃત્ત પેન્શનરોનો સમાવેશ થાય છે. જેનો શ્રેય ગામમાં આવેલા પુસ્તકાલયને જાય છે. મગરોડા ગામમાં સને ૧૯૩૫થી સાર્વજનિક પુસ્તકાલય ચાલે છે. સયાજીરાવ ગાયકવાડના સમયથી ચાલતું આ પુસ્તકાલય ચારિત્ર્ય ઘડતર કરવામાં સહયોગી બન્યું છે. પુસ્તકાલયના મંત્રી કાનજીભાઈ ચૌધરી તથા ગ્રંથપાલ પ્રતાપભાઈના જણાવ્યા મુજબ આ પુસ્તકાલયમાં હાલમાં કુલ ૬૨૫૨ પુસ્તકો છે. જમાં નવલકથા, ધાર્મિક, ઐતિહાસિક, સ્ત્રી સાહિત્ય, બાળ સાહિત્ય, આરોગ્ય, વિજ્ઞાન, કૃષિ, રસોડા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા પુસ્તકોની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે.

વિદ્યાર્થીઓ, યુવાનો, વૃદ્ધો, કન્યાઓ અને બીજા વાચકો દરરોજ આ પુસ્તકાલયનો લાભ લે છે. ગત વર્ષના વાચકોની સંખ્યા ૧૪૪૮ કરતાં આ વર્ષે ઉત્તરોત્તર વધી રહી છે. વાંચન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે દરવર્ષે શ્રેષ્ઠ વાચકનું બહુમાન કરી ઈનામ પણ આપવામાં આવે છે.

આ ગ્રામ ગ્રંથાલયને સને ૧૯૯૩ અને ૨૦૦૮માં શ્રેષ્ઠ પુસ્તકાલય તરીકેના બે વખત એવોર્ડઝ મળી ચૂક્યા છે. આમ મગરોડા ગામનું આ પુસ્તકાલય ઉત્તમ પ્રેરણા પૂરી પાડી ગામ માટે દિશાચિહ્ન બની રહ્યું છે.